દિવાળી અથવા દિપાવલી એ હિન્દુ ધર્મ, શીખ ધર્મ, બુદ્ધ ધર્મ અને જૈન ધર્મનો મહત્વપૂર્ણ તહેવાર છે અને આ દિવસે સમગ્ર ભારતમાં જાહેર રજા હોય છે. માનવીની અંદર રહેલા દુર્ગુણો પર સદ્‌ગુણોના વિજયના પ્રતિકરૂપે તેઓ માટીના નાનકડા કોડિયામાં રૂની દિવેટ બનાવીને મૂકેલા દીવામાં તેલ ભરીને તેને પ્રગટાવે છે. દિવાળીનો પાંચ દિવસનો ઉત્સવ નવા ચંદ્રના ઉદયની સાથે ઓક્ટોબર ૧૩ અને નવેમ્બર ૧૪ની વચ્ચે આવે છે. હિન્દુ કેલેન્ડર પર તેને અશ્વિન મહિનાના અંતમાં અને કારતક મહિનાની શરૂઆતમાં નવા ચંદ્ર દિવસમાં ગોઠવવામાં આવેલ છે, અશ્વિન મહિનાના અંધારિયા પખવાડિયાના ૧૩મા દિવસથી તે શરૂ થાય છે (અશ્વિનની ૨૮મી તિથિ) અને કારતક મહિનાના અજવાળિયા પખવાડિયાના બીજા દિવસે (કારતકની બીજી તિથિ)તે પૂરી થાય છે. ઉજવણીના મુખ્ય દિવસોમાં પ્રાદેશિક વૈવિધ્ય છે. ભારત અને નેપાળના ઘણા વિસ્તારોમાં હિન્દુ માન્યતા અનુસાર ૧૪ વર્ષના વનવાસ બાદ રામના આગમન અને રાવણ પરના તેમના વિજયની ઉજવણીનું આ પર્વ છે. સમય જતાં આ શબ્દ હિન્દીમાં દિવાળી અને નેપાળીમાં દિપાવલીમાં ફેરવાઇ ગયો, પરંતુ આજે પણ ભારતની દક્ષિણ અને પૂર્વની ભાષાઓમાં હજુ પણ આ શબ્દ તેના મૂળ સ્વરૂપે જળવાયો છે. જૈન ધર્મમાં દિવાળી એ ૧૫ ઓક્ટોબર, ૫૨૭ ઇ.સ. પૂર્વે મહાવીર દ્વારા મેળવવામાં આવેલા નિર્વાણનું પ્રતિક છે. છઠ્ઠા શીખ ગુરૂ ગુરૂ હરગોવિંદજી (૧૫૯૫-૧૬૪૪)ને બાદશાહ જહાંગીરે અન્ય ૫૬ હિન્દુ રાજાઓની સાથે ગ્વાલિયરના કિલ્લામાં બંદી બનાવ્યા હતા, તેમને મુક્ત કરાય પરત આવ્યા ત્યારથે તેમની યાદમાં શીખ ધર્મમાં અમૃતસર શહેરને ઝગમગાવવામાં આવે છે અને ત્યારથી દિવાળી મહત્વ ધરાવે છે. અન્ય કેદીઓને મુક્ત કર્યા બાદ તેઓ પવિત્ર શહેર અમૃતસરમાં આવેલ દરબાર સાહિબ (સુવર્ણ મંદિર) ગયા હતા અને ત્યાં લોકોએ મીણબત્તીઓ અને દીવડાઓ પ્રગટાવીને ગુરૂને ઉમળકાભેર આવકાર આપ્યો હતો. આ કારણથી શીખો દિવાળીને બંદી છોડ દિવસ ''કેદમાં પૂરાયેલા લોકોની આઝાદીનો દિવસ'' પણ કહે છે. હિન્દુ બહુમતી ધરાવતા શેખ નેપાળના બૌદ્ધધર્મીઓમાંથી નેવાર બૌદ્ધધર્મીઓ પણ આ તહેવાર ઉજવે છે. ભારત અને નેપાળમાં હવે દિવાળીને રાષ્ટ્રીય તહેવાર ગણવામાં આવે છે અને ધર્મ-સંપ્રદાયના ભેદભાવ વગર નેપાળ અને ભારતના મોટાભાગના લોકો આ તહેવારના ધાર્મિક મહાત્મયનો લાભ મેળવે છે. દિપઆવલીનો અર્થ થાય છે દીવડાઓની હારમાળા (સંસ્કૃત દિપ = દીવડો અને આવલી = હારમાળા, હાર). ઘણી આધુનિક ભાષાઓમાં અને ખાસ કરીને ઉત્તર ભારતમાં તેને દિવાળીનાં ટુંકા નામથી ઓળખવામાં આવે છે. વિવિધ સમુદાયો દિવસોની સંખ્યાને અલગ પાડવા માટે કિધાની ઉજવણી કરે છે. ભારત અને નેપાળમાં મુખ્ય દિવસો સરખા હોવા છતાં અને એક સાથે જ આવતા હોવા છતાં તેઓ અલગ-અલગ ગ્રેગેરિયન મહિનાઓમાં આવે છે, જેને આધાર જે-તે વિસ્તારમાં પ્રચલિત હિન્દુ પંચાંગની આવૃત્તિ પર રહેલો છે. હિન્દુ પંચાંગની અમંતા (''નવા ચંદ્રનો અંત'') આવૃત્તિનો રાષ્ટ્રીય પંચાંગ તરીકે સ્વીકાર કરવામાં આવ્યો છે. દક્ષિણ ભારત અને મહારાષ્ટ્રમાં પ્રચલિત આ પંચાંગ મુજબ અશ્વિન મહિનાના છેલ્લા ચાર દિવસ અને કારતક મહિનાના શરૂઆતના બે દિવસો દરમ્યાન આમ કુલ છ દિવસ સુધી તહેવાર ઉજવવામાં આવે છે. ઉત્તર ભારતમાં પ્રચલિત પૂર્ણિમાંતા (પૂર્ણ ચંદ્રનો અંત) આવૃત્તિ મુજબ તે અશ્વાયુજા/અશ્વિન મહિનાની મધ્યમાં આવે છે. ગ્રેગેરિયન કેલેન્ડ મુજબ તે સામાન્ય રીતે ઓક્ટોબર કે નવેમ્બર મહિનામાં આવે છે. નેપાળમાં નેપાળી પંચાંગ મુજબ તેની ઉજવણી કરાય છે. આ તહેવાર નેપાળી વર્ષના છેલ્લા ત્રણ દિવસો અને પ્રથમ બે દિવસ દર્શાવે છે. આમ, આપણે જોયું કે દરેક ધર્મને દિવાળીના તહેવાર માટે અલગ અલગ મહત્વ છે છતાં પણ આ દરેક ધર્મ એક થઇને આ તહેવારને અતિ ઉત્સાહથી દીવાના તેજ સાથે ઉજવે છે. આ તહેવારનું બીજું એક મહત્વ કે ઘણા બધાં તહેવાર આપણા ભારતભરમાં ઉજવાય છે મોટાભાગના તહેવાર એક-એક દિવસના હોય છે જેમ નવરાત્રી એ નવ દિવસ માટે ઉજવાય છે તેમ દિવાળી પાંચ દિવસ માટે

વિવિધ રીતે ઉજવાય છે જેમ કે, દિવાળી, વાસુબારસથી શરૂ થાય છે, જે અશ્વિન મહિનાના બીજા પખવાડિયાનો ૧૨મો દિવસ છે. માતા અને બાળક વચ્ચેના પ્રેમના પ્રતિકરૂપે ગાય અને વાછરડાની આરતી કરીને આ દિવસ ઉજવવામાં આવે છે. બીજો દિવસે છે ધનત્રયોદશી (ધન = સંપત્તિ, ત્ર = ૩ દશી = ૧૦મી એટલે કે ૧૦+૩= ૧૩મો દિવસ) અથવા ધનતેરસ. વેપારીઓ અને વ્યવસાયીઓ માટે આ દિવસ વિશેષ મહત્વ ધરાવે છે. અશ્વિનનો ૧૪મો દિવસ નરકચતુર્દશી છે. આ દિવસે લોકો સૂર્યોદય પહેલા ઉઠી જાય છે અને શરીર પર સુગંધી તેલ લગાડીને સ્નાન કરે છે (તેઓ ઉતનાથી પણ સ્નાન કરે છે.) ત્યાર બાદ સમગ્ર પરિવાર મંદિરની મુલાકાત લે છે અને તેમના ઇશ્વરની પૂજા કરે છે.

આ મુલાકાત પછી દરેક વ્યક્તિ ફરાળની મિજબાની માણે છે, જેમાં કરંજી, લાડુ, શંકરપેલ અને મિઠાઇ જેવી સ્વાદિષ્ટ વાનગીઓની તથા ચકરી, સેવ અને ચેવડા જેવી ચટાકેદાર વાનગીઓ હોય છે. ત્યાર બાદ લક્ષ્મી-પૂજન કરવામાં આવે છે. તે અમાસના દિવસે હોય છે એટલે કે ચંદ્ર વગરનો દિવસ. દીવડાઓ દ્વારા અંધારી રાતને પ્રકાશમય બનાવવામાં આવે છે અને સાંજના સમયે ફટાકડા ફોડવામાં આવે છે. પૂજા પછી હિસાબના નવા ચોપડાઓની શરૂઆત કરવામાં આવે છે. શેર બજાર મુહુર્તના પ્રતિકરૂપે સોદા કરે છે. સામાન્ય રીતે વેપારીઓ આ દિવસે કોઇ ચૂકવણું કરતા નથી (માન્યતા એવી છે કે લક્ષ્મી કોઇને આપવી જોઇએ નહિ પરંતુ તેનું ઘરે આગમન થવું જોઇએ) દરેક ઘરમાં રોકડા નાણા, ઘરેણાં અને લક્ષ્મી દેવીની મૂર્તિની પૂજા થાય છે. મિત્રો, પડોશીઓ અને સંબંધીઓને આમંત્રણ આપીને બોલાવવામાં આવે છે અને ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે. કેટલાક સ્થળે ઘરની સફાઇ માટે વપરાતી સાવરણીની પણ લક્ષ્મીના પ્રતિક તરીકે પૂજા થાય છે. પડવો એ નવા મહિનાનો પ્રથમ દિવસ છે - કારતક હિન્દુ પંચાંગમાં.

ભાઇબીજ-બહેન અને ભાઇ વચ્ચેના પ્રેમનો તાંતણો વધારે મજબૂત બનાવવાનો આ સમય છે. કારણ કે, બહેન ઇશ્વરને પ્રાર્થના કરીને પોતાના ભાઇના દીર્ઘાયુ તથા સફળતા માટે પ્રાર્થના કરે છે અને વહાલો ભાઇ/ઓ તેને ભેટ આપે છે. દિવાળી પહેલા ઘરની સફાઇ કરી તેને શણગારવામાં આવે છે. ઓફીસોમાં પૂજા થાય છે. આ શુભ દિવસોમાં કર્મચારીઓને બોનસ તથા રજાઓ આપવામાં આવે છે. લોકો આ દિવસોમાં સોનું તથા સંપત્તિ પણ ખરીદે છે. બાળકો મરાઠા સામ્રાજ્યના સ્થાપક શિવાજી મહારાજની યાદમાં કિલ્લાની પ્રતિકૃતિ બનાવે છે. ફટાકડા, નવા કપડાં અને મીઠાઇઓના કારણે દિવાળીએ બાળકોનો પ્રિય તહેવાર છે અને આ તહેવારની તેઓ સમગ્ર વર્ષ દરમિયાન રાહ જોતા હોય છે અને રાહ જોવાનું બીજું એક કારણ કે શાળા-મહાશાળાઓમાં આ પર્વ નિમિત્તે ૨૧ દિવસનું વેકેશન પણ આપવામાં આવે છે. દિવાળીનો આ તહેવાર ફટાકડા ફોડવા માટે વધારે જાણીતો છે. ફટાકડા જે દારૂખાનું એવા નામથી પણ ઓળખાય છે. હવે તો અવનવા પ્રકારના ફટાકડા જોવા મળે છે. નાના બાળકો માટે તારામંડળ, ફુલકણી, પેન્સીલ, હીરા, ચકરડી, કોઠી, ટીકડીઓ આવા પ્રકારના ફટાકડા હોય છે જે નાના બાળકો પોતાની જાતે ફોડીને અનેરો આનંદ માણે છે. આ ફટાકડા ફોડવાનો પણ એક પ્રકારનો ઉત્સાહ હોય છે આ ફટાકડા ફોડવામાં તો મોટા વડીલો પણ પાછા રહેતા નથી. એ પણ હવાઇ, બોમ્બ, માટીની કોઠી ફોડીને અનેરો આનંદ લે છે. આમ, નાના-મોટાં સહુ ભેગા મળીને આ તહેવારને ઘણા આનંદથી ઉજવે છે. ૐ અસતો મા સદ્ગમય, તમસો મા જ્યોતિર્ગમય, મૃત્યોર્મામૃતં ગમય, ૐ શાન્તિ શાન્તિ શાન્તિ...

નૂતન વર્ષના નવલા પ્રભાતે આપણો સમસ્ત સમાજ અંધશ્રદ્ધા, વહેમ, કપોળ કલ્પીત માન્યતાઓ રૂપી અંધકારને દુર કરી વિજ્ઞાન અને વૈજ્ઞાનીક અભિગમ, માનવતાવાદી તેમજ પ્રકૃતિપ્રેમના સથવારે સુખ, સમૃદ્ધિનાં અવનવા શીખરો સર કરે એવી હાર્દિક શુભકામનાઓ સહ રામ રામ...

શ્રી તૃષાર મોહનભાઇ ચૌહાણ - પ્રમુખ
શ્રી અનમોલ મહેન્દ્રભાઇ ટાંક - મહામંત્રી
ટીમ અખિલ ભારતીય યુવા મહામંડળ

Sea Freight Solutions
Your Navigator In The World Of Trade

SERVICES
- Sea freight
- Custom clearing
- Air Freight
- Warehousing
- Transportation Service
- LCL Services
- Project Cargo Handling
- Packaging & Pelletization

CONTACT
MALAV CHAUHAN
Sea Freight Solutions
:Office :
Gandhidham
:Email :
seafreight.mun@gmail.com
Malav@seafreightsolutions.co.in
:Web Site :
www.seafreightsolutions.co.in
:Mobile:
+91 9662898112

## વડોદરા યુવા મંડળ





વડોદરા યુવા મંડળ દ્વાર આર્ટ એન્ડ એજ્યુકેશનલ-૨૨ ફેસ્ટનો કાર્યક્રમ તા. ૨૫-૯-ના રોજ સમાજભવન ખાતે આયોજીત કરવામાં આવ્યો હતો. જે પ્લે ગ્રુપથી લઇને કોલેજ સુધી તથા વડીલો માટે એમ કુલ ચાર ગ્રુપમાં સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં નેચર આર્ટ, ફાઇન્ડ ધ વે, સ્ટોરી ટેલીંગ, ક્વીઝ, મેમરીગેમ, વર્ડ હંટીંગ, જ્વેલરી મેકીંગ વીથ કોટન, સુલેખન જેવી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં નેચર આર્ટ, ફાઇન્ડ ધ વે સ્ટોરી ટેલીંગ, ક્વીઝ, મેમરીગેમ, વર્ડ હંટીંગ, જ્વેલરી મેકીંગ વિથ કોટન, સુલેખન જેવી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. ઘટકના ૭૦થી વધુ બાળકો તથા ભાઇ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ યુવા મંડળની કમીટી હર્ષ ટાંક, નિરવ ચૌહાણ, દિપાલી સોલંકી, દિશા રાઠોડ, નિરવ વાઘેલા, ભાવિશા રાઠોડ, શીતલબેન રાઠોડ, નિમિષાબેન પરમાર, હિનાબેન રાઠોડ, દિપાલીબેન વાઘેલા, કૃપા સોલંકી, વિપુલ યાદવ, દિપ ચૌહાણ, પલક ચૌહાણ, કુંજલ રાઠોડ, ફલવી ચૌહાણ, મિતેષભાઇ પરમાર દ્વારા ખુબ સરસ સહકાર પ્રાપ્ત થયેલ હતો. કાર્યક્રમની શરૂઆત ઘટક, મહિલા મંડળ તથા યુવા મંડળના હોદ્દેદારો દિપ પ્રાગટ્યથી કરવામાં આવેલ. યુવા મંડળની બહેનો દ્વારા પ્રભુ પ્રાર્થના કર્યા બાદ મંત્રી શ્રી હર્ષભાઇ ટાંક તથા ખજાનચી ભાવિશાબેને મંચનું સંચાલન કરેલ હતું. શૈક્ષણિક મંત્રી દિશાબેન રાઠોડ દ્વારા દરેક સ્પર્ધાની વિસ્તારમાં માહિતિ આપવામાં આવેલ હતી. ત્યાર બાદ દરેક ગ્રુપના કન્વીનર અને તેમના સાથીઓએ વિવિધ રમત રમાડી હતી. દરેક સ્પર્ધકે આનંદ અને ઉત્સાહભેર રમત પૂર્ણ કરેલ હતી.

દરેક વિજેતાઓને ઘટક, મહિલા મંડળ અને યુવા મંડળના મહાનુભાવોના હસ્તે ઇનામ વિતરણ કરવામાં આવેલ હતું તથા તેમના દ્વારા પ્રાસંગીક ઉદ્‌બોધન પણ કરવામાં આવેલ હતું. અંતમાં યુવા મંડળ પ્રમુખ શ્રી નિલેશભાઇ સોલંકી દ્વારા દરેક દાતાશ્રી તથા કાર્યક્રમમાં સહભાગી થયેલ દરેક વ્યક્તિની શાબ્દિક આભારવિધી કરેલ હતી. તથા ભાગ લીધેલ સર્વે સ્પર્ધક તથા વાલીઓને ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા બદલ આભાર વ્યક્ત કરવામાં આવેલ હતો. અંતમાં સૌ ભેગા મળીને રાષ્ટ્રગીત ગાયું હતું. ત્યાર બાદ ભોજન લઇ ખુશીભેર છુટા પડ્યા હતા.

## સિનીયર સિટીઝન ક્લબ - ગાંધીધામ

ગાંધીધામ તાલુકામાં ગાયત્રી પરિવાર તરફથી ૫૮ સ્કુલોમાં ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા તા. ૧૭-૦૯-૨૦૨૨, શનિવારના રોજ લેવામાં આવેલ તેની બધી જવાબદારી અને સુપરવિઝન શ્રી કે.જી.કે. સમાજ, સિનીયર સિટીઝન ક્લબ - ગાંધીધામના પ્રમુખ શ્રી અને ગાયત્રી શક્તિપીઠ, ગાંધીધામના ટ્રસ્ટી શ્રી પ્રભુલાલભાઇ પુરૂષોત્તમભાઇ પરમાર અને તેમના સહયોગી સિનીયર સિટીઝન ક્લબ - ગાંધીધામના ઉપપ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઇ જયંતિલાલ સોલંકીને સોંપવામાં આવેલ હતી. વિદ્યાર્થીઓને નાનપણથી જ ભારતીય સંસ્કૃતિનું જ્ઞાન મળે તે



માટે ભારતીય સંસ્કૃતિની દરેક ધોરણની અલગ અલગ બુક આપવામાં આવેલ હતી અને તેમાંથી પરીક્ષા લેવામાં આવી

હતી. બાળકોમાં નાનપણથી જ વ્યક્તિત્વ વિકાસ થાય અને ઉચ્ચ આદર્શો તથા નૈતિક મૂલ્યોની સ્થાપના કરી શકાય અને તેઓ મોટા થઇને મહામાનવ અથવા દેવમાનવ તથા રાષ્ટ્રના જવાબદાર નાગરીક બને વ્યક્તિત્વ વિકાસ આ અભિયાનનો ઉદ્દેશ છે.

આ પરીક્ષાથી બાળકોનું શારિરીક, માનસિક, ભાવનાત્મક તથા આત્મિક વિકાસ થશે અને તેમનામાં નૈતિક મૂલ્યો તથા આદર્શોની પણ સ્થાપના થશે.

# શ્રી હંસવાહિની બ્રહ્માણી માતાજી ચૌહાણ પરિવાર - રેહા



ચૌહાણ પરિવાર - રેહાના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજીના સ્થાનક મધ્યે આશ્વિન નવરાત્રી ઉત્સવ અને હવનાષ્ટમીનું આયોજન તા. ૨૬/૯ થી ૫/૧૦ સુધી શ્રદ્ધાપૂર્વક કરવામાં આવેલ હતું. ઘટઃસ્થાપન બાદ રોજ રાત્રે રાસગરબા, માતાજીની સ્તુતિ અને છંદ બાદ પ્રસાદ વિતરણ કરવામાં આવેલ. તા. ૩/૧૦/૨૨૨-હવનાષ્ટમીના રોજ હોમ-હવન, મહાઆરતી, મહાપ્રસાદ તથા કાંબી છોડવાની વિધી કરવામાં આવેલ હતી. હવનાષ્ટમી પ્રસંગે ગામ-પરગામથી ૮૦૦ જેટલા પરિવારજનો એ હાજરી આપીને તમામ પ્રસંગોનો લાભ લીધેલ હતો. માતાજીના ભુવા શ્રી અમરશીભાઇ ભીમજીભાઇ ચૌહાણે નાળિયેર હોમેલ હતું. હવનવિધી માધાપર નિવાસી આચાર્ય શ્રી જનકભાઇ દવેએ સંપન્ન કરાવેલ હતી. મહાપ્રસાદના દાતાશ્રી તરીકે શ્રી અજયભાઇ જયંતિલાલભાઇ ચૌહાણ - નડીયાદ હસ્તે સુપુત્ર શ્રી કૃણાલભાઇ ચૌહાણ તરફથી સેવા મળેલ હતી. મહાઆરતીની સેવા શ્રી પ્રમોદભાઇ લીલાધરભાઇ ચૌહાણ પરિવાર તરફથી મળેલ હતી. બન્ને દાતાશ્રીઓ, ભુવાશ્રી તથા ગોર મહારાજનું પ્રમુખ શ્રી મોહનલાલ હીરજી ચૌહાણ, મંત્રી શ્રી વિનોદભાઇ લીલાધરભાઇ ચૌહાણ, ઉપપ્રમુખો શ્રી બાબુભાઇ સામજીભાઇ ચૌહાણ તથા શ્રી નવિનભાઇ શીવજીભાઇ ચૌહાણ, સહમંત્રી શ્રી હેમરાજભાઇ હરીલાલભાઇ ચૌહાણ, અગ્રણીશ્રી પ્રકાશભાઇ પ્રાગજીભાઇ ચૌહાણ, શ્રી અરૂણભાઇ નરોત્તમભાઇ ચૌહાણ, શ્રી નવીનભાઇ નારાયણભાઇ ચૌહાણ તથા શ્રી દિલીપભાઇ ખેતસીભાઇ ચૌહાણના હસ્તે સન્માન કરવામાં આવેલ હતું.

આ પ્રસંગે યોજાયેલ ગોઠી ભાઇઓની સામાન્ય સભામાં ગત વર્ષના હિસાબોની રજુઆતને બહાલી આપવામાં આવેલ હતી. સ્થાનક વહીવટ અને સંચાલનની ચર્ચાઓ તથા નિર્ણય બાદ સ્થાનક વહીવટની ભવિષ્યની યોજના રૂપે રૂા. ૨૫ લાખનું સ્થાયી ફંડ ઉભું કરવાનો નિર્ણય લેવામાં આવેલ હતો અને તેના પ્રભારી તરીકે શ્રી પ્રકાશભાઇ પ્રાગજીભાઇ ચૌહાણની નિયુક્તિ કરવામાં આવેલ હતી. મીટીંગ સ્થળે જ સ્થાયી ફંડ માટે રૂા. ૯ લાખ જેટલું ફંડ નોંધાયું હતું.

પ્રમુખ શ્રી મોહનભાઇ તથા મંત્રી શ્રી વિનોદભાઇના માર્ગદર્શન હેઠળ શ્રી સોમનભાઇ ભવાનજીભાઇ ચૌહાણ, શ્રી ભુપતભાઇ મોહનલાલ ચૌહાણ, શ્રી દિનેશભાઇ દામજીભાઇ ચૌહાણ, શ્રી દિલીપભાઇ લાલજીભાઇ ચૌહાણ, શ્રી મિતેશભાઇ મોહનલાલ ચૌહાણ, શ્રી શાંતિલાલ ઓધવજીભાઇ ચૌહાણ, શ્રી પ્રકાશભાઇ પ્રાગજીભાઇ ચૌહાણ, શ્રી રમેશભાઇ સામજીભાઇ ચૌહાણ, શ્રી કપિલભાઇ રમેશભાઇ ચૌહાણ, શ્રી દિનેશભાઇ પરસોત્તમભાઇ ચૌહાણ તથા કાર્યકર્તાઓએ વ્યવસ્થા સંભાળી હતી. કાર્યક્રમનું સંચાલન શ્રી રમેશભાઇ આર. ચૌહાણે કરેલ હતું.

## ચૌહાણ પરિવાર કુંભારીયા દ્વારા આસો સુદ૯ના માતાજી સ્થાનકે હવન-મહાપ્રસાદ કાર્યક્રમ યોજાયો





આ વર્ષે આસો નવરાત્રિ તારીખ ૨૬-૦૯-૨૦૨૨થી ૦૪-૧૦-૨૦૨૨સુધી હતી. જેની તૈયારી રૂપે કુંભારિયા ગામની આજુબાજુ રહેતા સેવાભાવી ગોઠીભાઈઓએ કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજીના સ્થાનક પર દર વર્ષની જેમ આ વર્ષે પણ સાથે મળીને સાફ-સફાઇ, ડેકોરેશન કર્યું , લાઇટ સિરીઝ લગાવી ત્યારબાદ સાથે ભોજન લઈ સૌ ગોઠીભાઈ છૂટા પડ્યા હતા.

આસો સુદ નોમના વહેલી સવારે ૮ વાગે મહારાજ તેમજ હવનના યજમાન શ્રી ખુશાલભાઈ દેવરામભાઈ ચૌહાણ - રાયપુર પરિવારના આવતા જ હવનનો પ્રારંભ કરેલ. હવનનું નારિયળ ૧૨:૩૦ વાગે સમય સર હોમાયેલ. ત્યારબાદ માતાજી સમક્ષ નૈવેદની પ્રસાદી ધરાવેલ અને પ્રસાદી સ્વરૂપે આવતા નારિયળને વધારેલ. દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧૦૦ થી ઉપર ગોઠીભાઈઓએ હવન તેમજ સમૂહ પ્રસાદનો લાભ લીધેલ. માતાજીના આર્શિવાદથી પૂના, હૈદરાબાદ, રાંચી, રાયપુર એમ બહારગામ થી પણ ગોઠીભાઈઓ પધાર્યા અને માતાજીનાં કાર્યોમાં સાથ સહકાર આપ્યો.

હૈદરાબાદથી પધારેલ ગોઠીભાઇ શ્રી દિનેશભાઈ ગિરધરભાઈ ચૌહાણે માતાજીનાં આર્શિવાદ મળતા આ વર્ષે સમૂહ પ્રસાદનો જે ખર્ચ આવશે તે મારા તરફથી અર્પણ કરવામાં આવશે એવી ઇચ્છા દર્શાવેલ અને સૌ સાથે સમૂહ પ્રસાદનો લાભ લીધેલ અને વધુમાં જણાવ્યું કે માતાજીના હજી કોઈ પણ કાર્ય કરવાના હોય તો મને જરૂર થી યાદ કરજો. આવા ઉદાર દિલ દાતા ને ગોઠીભાઈ વતી ખૂબ ખૂબ ધન્યવાદ.

આમ આ વર્ષે આસો સુદ નોમ ૦૪-૧૦-૨૦૨૨ રોજ ધામધૂમથી ઉજવેલ અને સૌ ગોઠીભાઈઓ પર માતાજીના આર્શિવાદ વરસતા રહે તેવી માતાજી સમક્ષ પ્રાથના. માતાજીના આર્શિવાદથી આપણે સૌ સાથે ભેગા થઈ અને મહા મહિનાની નોમના હવન કરશું અને બહારગામ રહેતા સૌ ગોઠીભાઈને નમ્ર વિનંતિ કે તમે સૌ મહા મહિનામાં માતાજીનાં હવનમાં અને સમૂહ પ્રસાદમાં પધારો અને હવનના યજમાન બનો તેમજ માતાજીના સ્થાનક પર થતાં કાર્યોમાં સહભાગી થવા જણવવામાં આવ્યું હતું.

# मै जगमगाता दीया हूं

मै जगमगाता दीया हूं । मै जगमगाता दीया हूं,
मै जलने लगा हूं, नफरतों को भी निगलने लगा हूं ।
मै जगमगाता दीया हूं बिखरी निराशाएं चारो और है जो,
आशाओं की किरण फैलाने चला हूं ।
मै जगमगाता दीया हूं कुरीतियां जहां की जलाने चला हूं,
रीतियो की ज्योत फिर प्रगटाने चला हूं ।
मै जगमगाता दीया हूं
दुख और क्लेश जगत में मिटाने चला हूं,
पुष्प खुशियों के फिर खिलाने चला हूं ।



मै जगमगाता दीया हूं तूफानों से भी हार मानी नहीं मैंने,
आज सबको ये हुन्नर सिखाने चला हूं।
मै जगमगाता दीया हूं
परिस्थितियां प्रतिकूल हो जाए फिर भी,
साहस के हर बीज बोने चला हूं ।



मै जगमगाता दीया हूं दुख के बादल बरस कर छंट जाएंगे,
उम्मीदों के मोती फिर पिरोने चला हूं ।
मै जगमगाता दीया हूं मज़हब के बंधनों को काटने चला हूं
सद्भावना की मशाल लेकर बढ़ा हूं ।
मै जगमगाता दीया हूं ईश्वर का वरदान है
ये जीवन सार्थक हो प्रयत्न करे,
खुद की लिए सभी जिते है औरो के लिए तुम जिओ,
बुजने से पहले मै दीपक यह सिख तुम्हें दे जाता हूं,
मै जगमगाता दीया हूं, मै जलने चला हूं।

ग्रीशा परमार

# મારી દિવાળી

હું અરૂણા કવિતા લખું,
મારા જમાનાની દિવાળી બતાવું.
પંદર દિવસ પહેલાથી રોજ ગોબર લાવવું,
આંગણ લીપીને એક સરખું તૈયાર કરવું.
આંગણે રોજઅ ટીપકાની રંગોળી કાઢવી,
ભરતા રંગ એમાં રંગ બે રંગી.
દિવાળીમાં એકજ ફરાક સિવાય,
વાર તહેવારે આખું વરસ વપરાય.
આખા ઘરની સાફ-સફાઇ થાય,
સ્નેહથી બધા એમાં સહભાગી થાય,
ઘરે બનાવે મોનથાર, ચેવડો શકરપારા,
એના સાથે ઘુઘરા સેવને લાડવા.
આ બધી વસ્તુ દિવાળીમાં જ બનતી,
ફરાળી નાસ્તો જોઇને જ છોકરાવને મોટાને આનંદ દેતી,
નવા કોડીયા લાવવાના, પાણીમાં પલાળવાના,
તડકામાં સુકાવવાના, બીજે દિવસે પ્રગટાવવાના.
એક જ પેક ફુલઝડીને થોડા ફટાકડા મળતા,
ચાર ભાગ કરીને ચાર દિવસ ઉડાડવા.
પડવાના દિવસે પરોઢિયે ચાર વાગે ઉઠવું,
નાહિને નવા કપડા પહેરવા, બધાને રામ રામ કરવું.
આજકાલ તો રામ રામ મોબાઇલમાં જ થાય છે,
સામે સામે મળીને ઓછા જ આશીર્વાદ લેવાય છે.
જુની શું કે નવી શું દિવાળી તો દિવાળી છે,
સાક્ષાત લક્ષ્મી મા આપણા ઘરે પધાર્યા છે.
અનેરો આનંદ આપે નવા વર્ષની શુભેચ્છાઓ,
પાંચ દિવસનો મેળો આનંદ આપે અનેરો.
આનંદ આપે અનેરો...

અરૂણા વી. યાદવ - પુના

# દિવાલી

આંખો મેં મુસ્કાન હો, ચેહરે પે ખુશી કી લાલી,
લાખોં ખુશિયાઁ લેકર આયે, અબ કી યે દિવાલી.

બાંટે મિઠાઇ સ્નેહ કી, સફલતા કી આતીશબાજી,
દિપ જલે જ્ઞાન કે, તન-મન હો સબ રાજી.
ભરે ઘડે શુભભાવના સે, હુઇ આજ જો ખાલી,
લાખોં ખુશિયાઁ લેકર આયે, અબ કી યે દિવાલી.

યહ દુનિયા અમન કે ફુલોં સે મહકતી રહે,
વિશ્વવૃક્ષ પર શાન્તિ કી ચિડિયા ચહકતી રહે.
દેશ હો હમારા ઔસા, જૈસે ભરપૂર ફલોં કી ડાલી,
લાખોં ખુશિયાઁ લેકર આયે, અબ કી યે દિવાલી.

હમ યૂં હી સદા મિલત રહે,
ઉમંગો કે ફુલ સદા ખિલતે રહેં.
ઈન ફુલોં કો લગાને મેં બને હમ ખુદ હી માલી,
લાખોં ખુશિયાઁ લેકર આયે, અબ કી યે દિવાલી.

વિજય કી નિશાની દિવાલી, રાજતિલક કી યાદ,
ખુદ પર વિજય પાયેં હમ, માનવ હો ફિર આબાદ.
દિપરાજ શિવ સે જ્યોતિ જગે, જો સબકા હૈ માલી,
લાખોં ખુશિયાઁ લેકર આયે, અબ કી યે દિવાલી.

- માયાબેન ભરતભાઇ વાઢેર

# "સંતોષી નર સદાય સુખી"



મનુષ્યની ઈચ્છાઓ અને આકાંક્ષાઓ અનંત હોય છે. જેવી રીતે સમુદ્રની ઉંડાઈ અને આકાશની ઉંચાઈ માપી શકાતી નથી તેમ ઈચ્છાઓ અને અપેક્ષાઓને પણ માપી શકાતી નથી. તેની ઉપર કોઈ અંકુશ લગાવવામાં ન આવે તો તે નિરંતર વધતી જ જાય છે. એક ઈચ્છા પૂરી થાય ત્યાં બીજી રાહ જોઈને જ બેઠી હોય છે. બીજી પુરી થાય ત્યાં ત્રીજી ઉભી જ હોય છે. આ ચક્ર એવું છે જે માનવને સાંસારિક બંધનોમાંથી મુક્ત થવા જ દેતું નથી. ઈચ્છાઓ ઉપર અંકુશ એ વ્યક્તિ લગાવી શકે જે સંતોષી હોય, સંતુષ્ટતા એક દૈવી ગુણ છે જે કુદરતે હર માનવને મૂળભૂત આત્મિય બંધારણ રૂપે આપેલ છે. પરંતુ તેનો ઉપયોગ બહુ ઓછા લોકો કરે છે. પૃથ્વી પર દરેક માનવી, પશુ, પક્ષી, જીવજંતુ વગેરેની ઉદરપૂર્તિ પ્રકૃતિ છે. હાથીને પણ મણ અને કીડીને કણ મળી જ રહે છે.

રાજસ્થાનીમાં એક કહેવત છે, "**કભી ઘી ઘણા, કભી મુઠ્ઠીભર ચણા**" દુઃખના સમયમાં ધૈર્ય રાખી કોઈપણ સમસ્યા કે અસંતોષ હોય તો તેનો ઉકેલ શોધીએ તો ક્યારેય નિરાશ નહીં થવાય. આજનો સમય પ્રતિસ્પર્ધાનો સમય છે. પ્રત્યેક વ્યાપારી, ઉદ્યોગપતિ પોતાના વ્યવસાય અને ઉદ્યોગ થકી વધુમાં વધુ લાભ લઈ પ્રગતિ કરવા ભરચક પ્રયાસ કરે છે. માત્ર વ્યવસાયમાં એવું નથી, શિક્ષા, કળા, સેવા, પદ, તબીબી વગેરે ક્ષેત્રોમાં પણ એકબીજાથી આગળ જવાની હરીફાઈમાં વ્યસ્ત છે. આજ વધુને વધુ ધન કમાવા અને ઉચ્ચકોટીના સુખ સાધનોને પ્રાપ્ત કરવા એજ જીવનનું લક્ષ્ય બની ગયું છે. પરંતુ સંતોષનું સુખ ગુમ થઈ ગયું છે. છેવટે આપણે ક્યાંક તો આપણી તૃષ્ણા, કામના, ઈચ્છા, અપેક્ષા વગેરે ઉપર કંટ્રોલ કરવો જ જોઈએ. **ગમે તેટલું ધન સંપત્તિ સંગ્રહિત કરી લેશું તો પણ આપણા અસ્તિત્વના વિદાય પછી તેને અહીં જ છોડી જવું પડશે.** આપણે વિચાર કરીએ, આ સંસારમાં એવા કેટલાય લોકો છે જે ધનસંપત્તિના અભાવ વચ્ચે જીવન જીવી રહ્યા છે. આપણે તેની સાથે સરખામણી કરીએ તો આપણને કેટલા સુખી અનુભવ કરીશું. પરંતુ આવો વિચાર કોઈ અનુભવી વ્યક્તિ જ કરે છે. આજે ગરીબ ધનના અભાવમાં દુઃખી છે તો ધનવાન પોતાની તૃષ્ણાઓ અને કારકીર્દીની ઝંખનાથી દુઃખી છે. એક સુંદર લખાણ વાંચ્યું, "**મન જોઈને મહેમાન થવાય, મહેલ જોઈને નહીં.**" જેના મન એકબીજાથી મળતા હોય, એકબીજાથી સંતુષ્ટ હોય તો ત્યાં જવાની ઈચ્છા સ્વતઃ થઈ જાય. બીજાનું ધન, વૈભવ જોઈને ઈર્ષ્યા કરવી, પોતાના વૈભવનું પ્રદર્શન કરવું, બીજાની ઉન્નતિ સહન ન થવી, આ બધા એવા સુક્ષ્મ વિકાર છે જે મનુષ્યને અસંતુષ્ટ અને દુઃખી કરે છે, અને એની કામનાઓમાં વધારો કરે છે, આપણે ઈશ્વરનો આભાર માનીએ કે તેના તરફથી આપણને જે પ્રાપ્ત થયેલ છે તે પર્યાપ્ત છે અથવા તેનાથી પણ વધુ મળેલ છે. એટલા માટે કહેવાય છે કે, "**ભાગ્યથી વધુ અને સમયથી પહેલા કોઈને કાંઈ મળતું નથી.**" જે ઈશ્વરે આપ્યું છે તેમાં સંતોષ માની મનને પ્રસન્ન રાખીએ. સંતોષ એ અમુલ્ય ધન છે અને સુખનું એકમાત્ર સાધન છે. એટલે જ કહેવાય છે કે,

**"સંતોષી નર સદાય સુખી."**

**- વંદનાબેન મહેશભાઈ ચૌહાણ - માધાપર**

# બાળકો માટે 'પહેલી'

૧ એવી કઈ વસ્તુ છે, જે અર્ધી ખાધા બાદ પણ પુરી રહે છે ?

૨ એવી કઈ વસ્તુ છે, જેને પીવાથી જીવતા રહેવાય અગર એ આપણે નીગલે તો મરી જવાય ?

૩ એવી કઈ વસ્તુ છે, જે આવે તો પણ ખરાબ અને જાય તો પણ ખરાબ ?

૪ એ ક્યા પક્ષીનું નામ છે જેને અંગ્રેજીમાં વધારે કહેવાય ?

૫ ત્રણ અક્ષરનું મારૂં નામ, આગળ-પાછળ એક સમાન.

૬ એક એવો કારીગર હાથે કાળું ઘાસ, રાજા-રંક અને સીપાહી પણ ઝુકે એની પાસ.

(૧) પુરી (૨) પાણી (૩) આંખ (૪) મોર (૫) ટામેટા (૬) હજામ

ચંદ્રિકા કાંતિલાલ રાઠોડ - નાગપુર

# અનંતની યાત્રાએ...



ગળપાદર નિવાસી કુ. કેશવી પરસોત્તમભાઇ રાઠોડ (ઉ.વ.૧૮)નું તા. ૧૪-૦૯-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



કુકમા નિવાસી શ્રી વિપીનભાઇ જેન્તીલાલભાઇ પરમાર (ઉ.વ.૫૪)નું તા. ૦૧-૦૯-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.




માધાપર (કુકમા) નિવાસી શ્રી અશ્વીનભાઇ નારણભાઇ રાઠોડ (ઉ.વ.૭૦)નું તા. ૨૮-૦૯-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



કુકમા (હાજાપર) નિવાસી શ્રી રૂપેશભાઇ નાનાલાલભાઇ યાદવ (ઉ.વ.૪૮)નું તા. ૨૮-૦૯-૨૦૨૨ના રોજે બોલીવલી મધ્યે અવસાન થયેલ છે.



અંજાર (ખેડોઇ) નિવાસી શ્રી ગોપાલદાસ શિવજીભાઇ રાઠોડ (ઉ.વ.૭૫)નું તા. ૦૭-૧૦-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



ખંભરા (ખેડોઇ) નિવાસી શ્રી નરોત્તમભાઇ રાઘવજીભાઇ પરમાર (ઉ.વ.૮૭) તે દક્ષાબેનના પિતા, જીવરામભાઇના સસરા, લાધુભાઇ રાઠોડના બનેવી તા. ૦૭-૧૦-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



કુકમા (હાજાપર) નિવાસી ગં.સ્વ. નિર્મળાબેન (બચુબેન) દેવશીભાઇ યાદવ (ઉ.વ.૮૦)નું તા. ૯-૧૦-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



નાગલપર (અંજાર) નિવાસી શ્રી હિતેશભાઇ હરિલાલભાઇ જેઠવા (ઉ.વ.૩૭)નું તા. ૧૦-૧૦-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



રાયપુર (અંજાર) નિવાસી શ્રી કિશોરભાઇ ગોપાલભાઇ ખોડિયાર (ઉ.વ.૬૮)નું તા. ૦૬-૦૯-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



દુર્ગ (સિનુગ્રા) નિવાસી શ્રીમતી રૂક્ષ્મણીબેન મહેન્દ્રભાઇ ચૌહાણ (ઉ.વ.૬૦)નું તા. ૩-૧૦-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



કુકમા નિવાસી શ્રી કેતનભાઇ મહેશભાઇ ચૌહાણ (ઉ.વ.૪૧)નું તા. ૨૩-૦૯-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



ગુલબર્ગા (સિનુગ્રા) નિવાસી શ્રી મોહનભાઇ પ્રાગજીભાઇ વાઘેલા (ઉ.વ.૭૮)નું તા. ૨-૭-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



નિઝામાબાદ (કુકમા) નિવાસી શ્રીમતી દમયંતિબેન ચંદુલાલભાઇ પરમાર (ઉ.વ.૭૫)નું તા. ૧૭-૦૯-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



અંજાર નિવાસી શ્રી રમણીકભાઇ ધનજીભાઇ ચૌહાણ (ઉ.વ.૬૬)નું તા. ૧૧-૦૯-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.

## શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર
## ઉચ્ચ શિક્ષણ સહાયની જાહેર સુચના

શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર (ભગવાન બાબા રામદેવપીર મંદિર) વિગત વર્ષોથી આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય આપે છે. (૧૦ + ૨) પછીના કોલેજમાં MBBS તથા સંબંધિત મેડીકલ કોર્સ, SBE, ME, B.Tech, M.Tech., Ayurvedic, Homeopathic કોર્સ, Engineering Diploma, MBA, BBA, C.A., C.S., Computer Science, Hotel Management, Tourism, LL.B., કોર્સમાં અધ્યયન કરનાર વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવે છે. **ખાસ નોંધ : તા. ૧૫-૦૧-૨૦૨૩ અરજી કરવાની છેલ્લી તારીખ છે.**

:: ફોર્મ મંગાવવા માટે નીચે સંપર્ક કરવો ::

**SHRI BALRAM NARSIBHAI CHAWDA**
CHAWDA TRADERS, STATION ROAD,
RAIPUR - 492009 (C.G.)
Mob. : 09926172722
E-mail : brchawda@gmail.com

## શ્રી ક.ગુ.ક્ષ. વિદ્યાર્થી ભવન ટ્રસ્ટ, રાયપુર
## ઉચ્ચ શિક્ષણ સહાયની જાહેર સુચના

શ્રી ક.ગુ.ક્ષ. વિદ્યાર્થી ભવન ટ્રસ્ટ, રાયપુર વિગત વર્ષોથી આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય આપે છે. (૧૦ + ૨) પછીના કોલેજમાં MBBS તથા સંબંધિત મેડીકલ કોર્સ, BE, ME, B.Tech, M.Tech., Ayurvedic, Homeopathic કોર્સ, Engineering Diploma, MBA, BBA, C.A., C.S., Computer Science, Hotel Management, Tourism, LL.B., કોર્સમાં અધ્યયન કરનાર વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવે છે. સહાય મેળવવા નીચે મુજબના નિર્દેશોનું પાલન કરતા અરજીપત્રક મંગાવવા વિનંતી.

(૧) અરજીપત્રકમાં માંગેલી સર્વે વિગતો પૂરેપૂરી ભરવી (૨) પાછલી પરીક્ષાની માર્કશીટની કોપી મોકલવી (૩) કોલેજમાં એડમીશન વખતે જમા કરેલ ફીસની રસીદની કોપી મોકલવી.

**તા. ૧૫-૦૧-૨૦૨૩ પહેલા અરજી કરવી.**

:: ફોર્મ મંગાવવા માટે નીચે સંપર્ક કરવો ::

**SHRI BHARAT KANTILAL SAWARIA**
Hotel Mayura, Jaistambh Chowk, Nr. Raj Talkies,
G.E. Road, Raipur (C.G.) 492001 Mob. 09301825240
E-mail : bksawaria@gmail.com

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (ઓખા મંડળ) ટ્રસ્ટ, દ્વારકા


તીર્થધામ દ્વારકા મુકામે આપણી ધર્મશાળામાં આપને આવકાર છે. આપના આગમનની તારીખ અને સમય અઠવાડીયા પહેલા ફોન દ્વારા જણાવશો તો વિશેષ અનુકુળતા રહેશે. ધાર્મિક કે સામાજિક પ્રસંગો માટે ચાર મહિના પહેલાં સંપર્ક કરવો જરૂરી છે.

**ખાસ નોંધ : સરકારી નિયમ મુજબ, યાત્રીએ પોતાનું આઇકાર્ડ સાથે રાખવું ફરજિયાત છે. ફોન કરનારે પ્રથમ પોતાની ઓળખ વતન-ગામ સાથે આપવી જરૂરી છે.**

સરનામું : કચ્છી સમાજ ભવન, ગોમતી રોડ, રામેરામ ધર્મશાળા પાસે, દ્વારકા - ૩૬૧૩૩૫ મેનેજર : ૮૯૮૦૦૫૮૧૫૬, પ્રમુખ : ૯૯૨૪૪૧૧૮૦૭

Hemraj Damji Solanki 098221 17126
Ketan H. Solanki (B.Arch.) 098226 67940
Samir H. Solanki (B.E.) 097654 82266

**M/s. DAMJI GANGJI & Co. (Forest Contractor)**



**M/s. SAMEER TRADERS (Agencies House)**

**3rd DIMENSION (Architect & Engineers)**

D.G. Market, 1st Floor, Opp. Bus Station, Post Box No. 32, Po & Dist. NANDURBAR (M.S.) Ph. 02564 - 222365




KIA

Movement that inspires

## RATHOD KIA

**(3S-Sales, Service, Spares)**

Survey No. 916, 1496, Balitha, Vapi- 396191

TOYOTA

## RATHOD TOYOTA

**(3S-Sales, Service, Spares)**

**Vapi :** Survey No. 315/1, N.H.No.48, Balitha, Vapi.

**Navsari :** Block No. 1064, Opp. Sai Mandir Sisodra Ganesh, Navsari.







cromā

in-store | online | mobile

India's leading Consumer Durables and Electronics (CDE) retailer

## Rathod Chambers

Daman Road, Chala, Vapi- 396191

SANDY RESORT

Devka Beach, Daman - 396210

Mail : info@sandyresort.com

Website : www.sandyresort.com

Phone : 9727 223333




Late **Amritlal V. Rathod**

Nitin A. Rathod - 9898 907750
Rajen A. Rathod - 9898 907744
Ashok A. Rathod - 9898 907740
Ashish A. Rathod - 9898 907747

**Residence : Rathod House, Near Tapi complex, Udwada (RS) Dist. Valsad, Gujarat - 396 185.**



## Kartik Rathod

| | | |
|---|---|---|
| Date of Birth | : | 27th Aug. 1997 |
| Birth Place | : | Gondia |
| Native Place | : | Madhapar |
| Kuldevi | : | Shri Momai Chamunda Maa |
| Gotra | : | Gautam |
| Blood Group | : | B+ve |
| Height | : | 5'6" |
| Education | : | B.E. in Electronic & Comm. |
| Occupation | : | Power Electronics Engg. in Yulu Bikes Pvt. Ltd. (Bangalore) |
| **Father** | : | **Lokesh Trambaklal Rathod<br>Mo. 8989995969** |
| **Mother** | : | **Bhavita Lokesh Rathod<br>Mo. 9425863983** |
| **Ygr. Brother** | : | **Ishan Lokesh Rathod** |
| **Grand Father** | : | **Shri Trambaklal Bharmal Rathod** |
| **Grand Mother** | : | **Lt. Hemlataben Trambaklal Rathod** |
| **Nana** | : | **Lt. Narendrabhai Ratanshi Chauhan** |
| **Nani** | : | **Smt. Pratimaben N. Chauhan**<br>Gondia (MS) |
| **Mama** | : | **Dr. Anshuman Narendrabhai Chauhan** |
| **Mama** | : | **Paresh Narendrabhai Chauhan** |
| **Mami** | : | **Urvashi Paresh Chauhan** |
| Perm.Adrs. | : | 2264, Nr. Angad Mahavir Mandir, Gorakhpur, Jabalpur (MP) 482001 |
| **Contact No.** | : | **8989559992** |

II શ્રી રાજ II



## Dharmesh Tank

(મંગળ છે)

| | | |
|---|---|---|
| Date of Birth | : | 04-07-1993 |
| Time of Birth | : | 8.25 pm |
| Place of Birth | : | Balasore (Odisha) |
| Height | : | 5'.8" |
| Education | : | M.B.A. (Utkal University) |
| Occupation | : | Operational Executive in Logistics firm Gandhidham |
| Hobbies | : | Playing Cricket |
| Kuldevi | : | Shri Sikotar Maa (Devaliya) |
| Gotra | : | Kashyap |
| **Father** | : | **Prabhulal Ratilal Tank** |
| Occupation | : | Business |
| **Mother** | : | **Prabhaben Tank** |
| **Grand Father** | : | **Ratilal Odhavji Tank** |
| **Grand Mother** | : | **Mayaben Ratilal Tank** |
| **Uncle** | : | **Shashikant Ratilal Tank** |
| **Aunty** | : | **Roshni Shashikant Tank** |
| **Nana** | : | **Ramniklal Dharshibhai Rathore** |
| **Nani** | : | **Narmadaben Rathore** |
| **Mama** | : | **Durga Ramniklal Rathore<br>Hemkant Ramniklal Rathore** |
| Address | : | C/o. Pranami Lodge, Diamond Bakery Station Road, Bhaskarganj (A) Balasore (Odisha) |
| E-mail | : | pranamilodge@gmail.com |
| **Contact No.** | : | **9438322383 (Father)<br>9776605051 (Grand Father)** |

# ભાવભીની શ્રદ્ધાંજલિ



## સ્વ. મોહનભાઈ પ્રાગજીભાઈ વાઘેલા

સ્વ. તા. ૨/૭/૨૦૨૨, દેશમાં ગામ : સિનુગ્રા, હાલ મુકામ : ગુલબર્ગા (કર્ણાટક)

**નૈનં છિન્દન્તિ શસ્ત્રાણી નૈનં દહતિ પાવક । ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારૂતઃ ॥**

અમારી છત્રછાયા સમા પિતાશ્રી મોહનભાઇ પ્રાગજીભાઇ વાઘેલા સહ કુટુંબીજનો માટે આપના સંસ્કાર તેમજ સદ્‌વિચારોને ખુબ સરળતાથી આશીર્વાદરૂપે વારસામાં આપીને આપના નામની જેમ અમર થઇ ગયા. આપનો પરોપકારી સ્વભાવ અને માનવતાદાદી કાર્યો તેમજ દરેક જીવને ઉપયોગી થવાની ઉંચી ભાવનાનું અમે સૌ વંદન કરી શકીએ તેવી ઈશ્વર પાસે પ્રાર્થના...

ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...

**:: શોકમગ્ન પરિવારજનો ::**

| | | | |
|---|---|---|---|
| **નિલેશભાઇ મોહનભાઇ વાઘેલા** | પુત્ર | **યોગેશભાઇ મોહનભાઇ વાઘેલા** | પુત્ર |
| **નેહલબેન નિલેશભાઇ વાઘેલા** | પુત્રવધુ | **શિલ્પાબેન યોગેશભાઇ વાઘેલા** | પુત્રવધુ |
| **પરેશભાઇ મોહનભાઇ વાઘેલા** | પુત્ર | **અમિતભાઇ મોહનભાઇ વાઘેલા** | પુત્ર |
| **રાધિકાબેન પરેશભાઇ વાઘેલા** | પુત્રવધુ | **જાનવીબેન અમિતભાઇ વાઘેલા** | પુત્રવધુ |

પૌત્ર : **હર્ષ, દૈવિક, ઋષિતા, વીર, યુક્તિ, મુસ્કાન**

**સમસ્ત વાઘેલા પરિવારના જયશ્રી મોમાઈ માં**

**નિલેશભાઇ મોહનભાઇ વાઘેલા (પુત્ર) મો. ૯૦૦૮૧૨૨૦૦૬**

# વિનમ્ર શ્રધ્ધાંજલિ





**સ્વ.મેઘજીભાઇ લઘાભાઇ ચૌહાણ**

(નાગોર) અવસાન તા.૧૪/૦૯/૨૨ ઉ. (૭૬)
માજી પ્રમુખ,નાગોર ઘટક તથા બ્રહ્માણી માંઇ મંડળ તથા સલાહકાર પ્રમુખ.

**સ્વ.વિજ્યાબેન મેઘજીભાઇ ચૌહાણ**

(નાગોર) અવસાન તા.૦૭/૦૫/૨૧ ઉ. (૭૩)
પૂર્વ માજી મહીલા મંડળ પ્રમુખ
તથા પૂવ બ્રહ્માણી માઇમંડળના કારોબારી સભ્ય

પરિવારના મોભી એવા આપ બંન્નેની ચિર વિદાય થી વડની શિતળ છાયા જેવો વિસામો ગુમાવ્યો... આપ બંન્નેએ આપેલા સંસ્કારો અને સમાજ સેવા ની પ્રેરણા રૂપે આપના સુપત્ર શ્રી ભરતભાઇ મેઘજી ચૌહાણ( પુર્વ મંત્રી નાગોર યુવા મંડળ) નાનપણથી શ્રી બ્રહ્માણી માઇ મંડળ ની સેવામાં કાર્યરત છે, કુળદેવી બ્રહ્માણી માતાજી તથા પરમકૃપાળુ પરમાત્મા આપના પવિત્ર આત્માને ચિરઃ શાન્તિ આપે તેવી પ્રાર્થના સાથે....ઓમ શાન્તિ... ઓમ શાન્તિ...

## શોકાતુર

દિનેશ મેઘજી ચૌહાણ :- પુત્ર
મેઘજી ચૌહાણ :- પુત્ર
ગીતાબેન વિનોદ ટાંક :- પુત્રી
પૌત્ર પૌત્રી – આનંદ ભરતભાઇ,
વિપુલ ભરતભાઇ
દોહીત્ર –પ્રભાત,અંકિત

મોનિકા(ગીતા)દિનેશ ચૌહાણ – પુત્રવધુ ભરત
સવિતા ભરત ચૌહાણ – પુત્રવધુ
વિનોદભાઇ કાનજી ટાંક – જમાઈ
જયદિપ દિનેશભાઇ,
વિભા દિનેશભાઇ.

ના જય શ્રી કૃષ્ણ.. જય શ્રી બ્રહ્માણી માતાજી...

## દાદા – દાદી એ આપેલા સંસ્કારો નો સામાજીક વારસો



આનંદ ભરતભાઇ ચૌહાણ

સ્વ. વિજ્યાબેન તથા સ્વ.મેઘજીભાઇ લઘાભાઇ ચૌહાણે પોતાની ત્રીજી પેઢી ના વારસો માં સિંચેલ સંસ્કારોના સામાજીક વારસા રૂપે તેમના પૌત્ર આનંદ ભરતભાઇ ચૌહાણ સમાજ સેવામાં ઉંડો રસ ધરાવે છે અને હાલે નાગોર યુવામંડળ પ્રમુખ તરીકે ,કચ્છ પ્રાદેશીક યુવા મંડળ સભ્ય તેમજ શ્રી બ્રહ્માણી માંઇ મંડળમાં અગ્રેસર રૂપે સેવા આપી દાદા ના પગલે ચાલી રહેલ છે.

# ૧૫મી પુણ્યતિથીએ હાર્દિક શ્રદ્ધાંજલિ



## સ્વ. દયારામભાઈ પ્રેમજીભાઈ પઢિઆર

સ્વ. તા. ૧૫-૧૧-૨૦૦૭

નૈનં છિન્દન્તિ શસ્ત્રાણી નૈનં દહતિ પાવક । ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારૂતઃ ॥

અંજલી માટે શબ્દો ઓછા પડે, પુષ્પાંજલિ માટે પુષ્પો ઓછા પડે, આંખો હજુ નિહાળે છે તમને, અંતર હજુ પોકારે છે તમને,તમારી મીઠી તસ્વીર જોઈ સ્મરણ તમારું આવે છે.... સ્નેહ લાગણીથી હૃદયમાં સૌના વસતા રહ્યા, જીવનની હર પલ હસતા-હસાવતા રહ્યા, ચંદનની જેમ ઘસાઈને સુવાસ ફેલાવતા રહ્યા, ૧૩મી પુણ્યતિથીએ હાર્દિક શ્રદ્ધાસુમન... પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

:: શોકમગ્ન પરિવારજનો ::

| | | | |
|---|---|---|---|
| નરેન્દ્ર દયારામ પઢિઆર | પુત્ર | સ્વ. ગિરધરલાલ પ્રેમજી પઢિઆર સમસ્ત પરિવાર | ભાઈ |
| ભાવના નરેન્દ્ર પઢિઆર | પુત્રવધુ | શ્રી નંદલાલ પ્રેમજી પઢિઆર સમસ્ત પરિવાર | ભાઈ |
| દિનેશ દયારામ પઢિઆર | પુત્ર | શ્રી ઘનશ્યામ પ્રેમજી પઢિઆર સમસ્ત પરિવાર | ભાઈ |
| લતા દિનેશ પઢિઆર | પુત્રવધુ | સ્વ. હંસા મનહર ચૌહાણ | દિકરી-જમાઈ |
| કનક દયારામ પઢિઆર | પુત્રી | દમયંતી રમેશ ચૌહાણ | દિકરી-જમાઈ |
| પૂજા મ્રિદુલ ચૌહાણ | પૌત્રી-જમાઈ | ભાવના દેવેશ ટાંક | દિકરી-જમાઈ |
| રક્ષીના શીવેન શ્રીવાસ્તવ | પૌત્રી-જમાઈ | અર્જુન મનહર ચૌહાણ | દોહીત્ર |
| દિશા જીગર શાહ | પૌત્રી-જમાઈ | પલ્લવી સુર્યકાન્ત રાઠેડ | દોહીત્રી-જમાઈ |
| ખ્યાતી દિનેશ પઢિઆર | પૌત્રી | ઘનશ્યામ રમેશ ચૌહાણ | દોહીત્ર |
| અનુષ્કા દિનેશ પઢિઆર | પૌત્રી | નકુલ દેવેશ ટાંક | દોહીત્ર |

## સમસ્ત પઢિઆર પરિવાર

:: નિવાસ સ્થાન ::
"પ્રેમવિલા"
પ્લોટ નં. ૪૦૬, જી.આઈ.ડી.સી. કોલોની,
ઉમરગાંવ, જી. વલસાડ (ગુજ.)


:: ફર્મ ::
Grindbeck Unit I & II
Gujarat Cork & Rubber Pvt. Ltd.
Agglo Cork Pvt. Ltd. Umergaon
Puja Insulation - Baroda

# દ્વિતીય વાર્ષિક શ્રદ્ધાંજલિ

मेरे पापा

आज मुझे पापा की याद आ गई
दो साल पहले गुजारे उन लम्हों की याद आ गई.
लॉक डाउन लगे तो फिर से आ जाना कहा था जब उन्होंने,
आज उन शब्दों की अहमियत याद आ गई...
आप नहीं हो ऐसा लगता ही नहीं...आपकी मधुर मुस्कान और...
उसके पीछे छुपीआपकी शरारत आज याद आ गई.
जीवन की कठोर शर्तो को
खामोशी से स्वीकार करने वाले...
आपकी हर वो कहानी आज याद आ गई...
क्या बचपन, क्या जवानी...
बुढापे को भी कंधों पे बिठा... दौडने वाले मेरे पापा...
आपके आँखो की वो,
मासुमियात...आज याद आ गई.
मौन की परिभाषा आपसे ही सीखी...
और आपसे ही सीखा हमने सरलता से जीना...
आपके स्वाद की नजाकत की क्या कहें...
बारीश में पकौडी की कहानी याद आ गई.
अजीब सी खामोशी है यहाँ हम सबके बीच
वो... टूचके सुनाने की...आपकी कला याद आ गई...
प्रेम की ताकत और...ऊर्जा से भरी आपकी सोच...
हम सबको जीने का अंदाज सीखा गई...
कहने को तो बहुत कुछ है मगर...
शब्द नहीं जो आपकी शख्सियत बयां कर सके
कलम जो पकडी हाथ में तो...
आज पापा की याद आ गई...

"कृष्णप्रिया"



## સ્વ. મુકુન્દભાઈ લાલજીભાઈ રાઠોડ

જન્મ
તા. ૨૮/૦૧/૧૯૩૮

દેશમાં ગામ : દેવળીયા, હાલ મુકામ : રાંચી (ઝારખંડ) (રાંચી ઘટક પ્રમુખ)

સ્વર્ગવાસ
તા. ૦૯-૧૧-૨૦૨૦

*તમારા આદર્શો અને સંસ્કાર હંમેશા અમારા જીવનમાં પથદર્શક બની રહેશે.... અમોને પ્રેરણા આપતું રહેશે. ઈશ્વર તમારા દિવ્ય આત્માને પોતાના ચરણોમાં સ્થાન આપે એજ પ્રાર્થના.... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...*

**શોકમગ્ન પરિવાર**

**પ્રભાબેન મુકુન્દભાઈ રાઠોડ – ધર્મપત્ની**

| | | | |
|---|---|---|---|
| વિજયભાઈ મુકુન્દભાઈ રાઠોડ | પુત્ર | સીમાબેન રાઠોડ | પુત્રી |
| આરતીબેન વિજયભાઈ રાઠોડ | પુત્રવધુ | પ્રિયાબેન હરીશભાઈ વાઘેલા | પુત્રી–જમાઈ |
| કુશલભાઈ વિજયભાઈ રાઠોડ | પૌત્ર | લહેરી, ઋષિત, ત્રિષા, કરણ | દોહિત્રા–દોહિત્રી |
| સુહાનીબેન વિજયભાઈ રાઠોડ | પૌત્રી | | |

**તથા સમસ્ત રાઠોડ પરિવાર**

# પાંચમી પૂણ્યતિથીએ શ્રદ્ધાંજલી



જન્મ
૨૬ માર્ચ ૧૯૮૫

સ્વર્ગવાસ
૧૮ નવ્હેંબર ૨૦૧૭

## સ્વ. વૈભવ રસિકલાલ રાઠોડ

કુંભારિયા-ઔરંગાબાદ-મહારાષ્ટ્ર

રડી પડે છે આંખો અમારી, જોઈને તસ્વીર તમારી, દરેક ક્ષણે યાદ આવે છે અમને ગેરહાજરી તમારી,
સમય જીંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી, આશાઓ અમારી અધુરી રહેશે ક્યાં ખબર હતી,
અચાનક આંખડી મીચાંઈ જશે ક્યાં ખબર હતી.
રહી ગઈ છબી તસ્વીરમાં, રહે મૃત્યુબાદ સ્મરણોની છાયા, રડતા મુકી ચાલ્યા ગયા લગાડી અમોને સૌને માયા,
સ્વપ્નો થઈ ગયા ચકનાચુર, અમારી આશાઓ અધુરી રહી ગઈ.
પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતી આપે એજ પ્રાર્થના

### શોકમગ્ન પરિવારજનો

સ્વ. દયારામભાઈ પ્રેમજી રાઠોડ (દાદા)
રસિકભાઈ દયારામભાઈ રાઠોડ (પિતા)
રોહન બાબારાવ રાઊત (બનેવી)
ડૉ. સુનિલભાઈ દયારામભાઈ રાઠોડ (કાકા)
રાજેંદ્રભાઈ દયારામભાઈ રાઠોડ (કાકા)
વિનયભાઈ દયારામભાઈ રાઠોડ (કાકા)
કિર્તીકુમાર ભવાનજી પરમાર (મામા)
કેતકીબેન તન્મયભાઈ ટાંક (બેન)
વિનિત રાજેંદ્રભાઈ રાઠોડ (ભાઈ)

શ્રીમતી લિલાબેન દયારામભાઈ રાઠોડ (દાદી)
અ.સૌ. રેખાબેન રસિકભાઈ રાઠોડ (માતા)
અ.સૌ. વૃશાલી રોહન રાઊત (બેન)
અ.સૌ. રાજેશ્રી સુનિલભાઈ રાઠોડ (કાકી)
અ.સૌ. પ્રિતીબેન રાજેંદ્રભાઈ રાઠોડ (કાકી)
કુ. મોયરા રોહન રાઊત (ભાણેજી)
અ.સૌ. રેણુબેન કિર્તીકુમાર પરમાર (મામી)
સંકેત સુનિલભાઈ રાઠોડ (ભાઈ)
પાર્થ રાજેંદ્રભાઈ રાઠોડ (ભાઈ)

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## સ્વ. અ.સૌ. હંસાબેન મુકુન્દભાઇ ચાવડા

જન્મ તા. ૧૬-૦૮-૧૯૭૪ સ્વ. તા. ૨૮-૦૯-૨૦૨૨
દેશમાં ગામ : સિનુગ્રા, હાલ મુકામ : ડોંબીવલી-મુંબઇ

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥

નથી હયાત પણ સાથે છે એવું લાગ્યા કરે છે, હરપળે આપની ઉપસ્થિતિનો આભાસ થયા કરે છે, યાદમાં તમારા દર્શન થયા કરે છે, મન હજુ માનતું નથી કે આપ અમારી વચ્ચે નથી... પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય અને પવિત્ર આત્માને શાશ્વત શાંતિ આપે એજ પ્રાર્થના... ॐ શાંતિ... શાંતિ... શાંતિ...

**:: શોકમગ્ન પરિવારજનો ::**

પતિ : મુકુન્દભાઇ ભોગીલાલ ચાવડા – ડોંબીવલી
પિતા : સ્વ. કેશવજીભાઇ દેવરામભાઇ ચૌહાણ – અમદાવાદ
માતા : ગં.સ્વ. સવિતાબેન કેશવજીભાઇ ચૌહાણ – અમદાવાદ
ભાઇ–ભાભી : મોનાબેન રમેશભાઇ ચૌહાણ – અમદાવાદ
ભાઇ–ભાભી : જાગૃતિબેન હસમુખભાઇ ચૌહાણ – અમદાવાદ
ભાઇ–ભાભી : જીજ્ઞાબેન જીજ્ઞેશભાઇ ચૌહાણ – અમદાવાદ
દીપ, અમિત, જુહી, ઉર્વી, હેતા, લીસા, રીયા
સસરા : સ્વ. ભોગીલાલ ભીમજીભાઇ ચાવડા – ડોંબીવલી
સાસુ : સ્વ. ભાનુમતિબેન ભોગીલાલ ચાવડા – ડોંબીવલી
જેઠ : રમેશભાઇ ભોગીલાલ ચાવડા – ડોંબીવલી
જેઠાણી : દામીનીબેન (અંજુબેન) રમેશભાઇ ચાવડા – ડોંબીવલી
ભત્રીજા – દેવાંગભાઇ રમેશભાઇ ચાવડા – ડોંબીવલી
ભત્રીજાવહુ – કૃતિકા દેવાંગભાઇ ચાવડા – ડોંબીવલી
ભત્રીજા – મનન રમેશભાઇ ચાવડા
પુત્રી – મૈત્રી મુકુન્દભાઇ ચાવડા
પુત્રી–જમાઇ : રિદ્ધિબેન આશિષભાઇ ટાંક – ઉમરગાંવ
નણંદ : ગં.સ્વ. હિનાબેન રામપ્રસાદ ચાવડા – મુંબઇ
નણંદ : અનિતાબેન કાનજીભાઇ વેગડ – ઉમરેડ (નાગપુર)
વેવાઇ–વેવાણ : ગીતાબેન હસમુખભાઇ ટાંક – ઉમરગાંવ


**How Your Today's Mistake Will Ruin Your Tomorrow's Happiness..?**

कैसे आपकी आज की गलती आपके कल की खुशियों को बर्बाद कर देगी..?



AGE-22
I Want To Enjoy Life..
मैं जीवन का आनंद लेना चाहता हूं...

AGE-30
Let Me Marry First..
मुझे पहले शादी करने दो..

AGE-40
My Priority Is My Child's Education & Home Loan..
मेरी प्राथमिकता मेरे बच्चे की शिक्षा और गृह ऋण है..

AGE-60
It's too Late Please Help Me..
बहुत देर हो चुकी है कृपया मेरी मदद करें..

Plan today for your RETIREMENT because delay can be ruining your happiness...
अपने रिटायरमेंट के लिए आज ही योजना बनाएं क्योंकि देरी आपकी खुशियों को बर्बाद कर सकती है...

When a person dies, there will be three types of deaths for women a husband dies, father dies and income dies...
The 'first two' are 'not replaceable' but the 'third' can be 'replaced' if you have - Life Insurance.




जब एक व्यक्ति की मृत्यु होती है, तो महिलाओं के लिए तीन प्रकार की मृत्यु होगी - एक पति की मृत्यु हो जाती है, पिता की मृत्यु हो जाती है और आय की मृत्यु हो जाती है,
पहले 'दो' को बदला नहीं जा सकता है, लेकिन 'तीसरे' को बदला जा सकता है यदि आपके पास 'जीवन बीमा' है...

–: વધુ માહિતિ માટે સંપર્ક કરો :–

Member MDRT U.S.A.



• सदस्य • अभिकर्ताओं के लिये क्षेत्रीय प्रबंधक क्लब • MEMBER • ZONAL MANAGER'S CLUB FOR AGENTS

**Mitesh Jitendrabhai Khodiyar**

**ENTERPRENEUR OF LIC & GENERAL INSURANCE**

Plot No. 104/1, Chitrakut Society, Anjar - Kutch 370110
Website :- www.insurancebimapolicy.com
E-mail :- mitesh.khodiar@gmail.com

**94298 15099**

Surbhi
CLOTHING

MISS AKSHITA
B. CHAVDA (MD)



# Inspired By Culture

Manufecturer and Retailer of Kurti and Dresses

**Factory Address:**

Shraddha Complex, Adani School Rd,
Near Zero Point, Mundra 370421.

**Home Address:**

Girinarayan Street, Mandvi Chock,
Old Bandar Road, Mundra 370421.

**Contact Address:**

+91 93246 85342
+91 99208 43135

surbhiclothing@gmail.com


LALITA PUBLIC SCHOOL® (CBSE)
CHETNA KIDS PARADISE
Ring Road, Wardhaman Nagar, Nagpur- 35
Email : lpswnngp1@gmail.com | Website : lalitapublicschool.com
LALITHA PUBLIC SCHOOL
Fly With Me
Director :
Mrs. Chetna Raju Tank
PURUSHOTTAM JAIRAM CO. & M/S JAIRAM KARSAN TANK
IMPORTERS AND EXPORTERS OF TIMBER
69, LAKADGANJ, NAGPUR-440 008 INDIA Off.: 91-712-2764667, 2764639, Fax : 91-712-2765367, E-mail : pj.tank@yahoo.com
ASHUTOSH INDUSTRIES
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR. LARGEST MANUFACTURER OF DECORATIVE TEAK VENEER IN INDIA
RISING FURNITURE
Gandhi Putla Sq., Central Avenue, Nagpur-2
FURNITURE SHOWROOM FOR ALL TYPES OF FURNITURE
NARAYANA MINERALS
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR
MANUFACTURER OF MANAGANESE DI OXIDE (MNO2) & MANAGANESE OXIDE (MINO)

|| ઓમ શાંતિઃ ||

# ભૂમિપૂજા એસ્ટેટ એજન્સી

**લેન્ડ ડેવલોપર્સ એન્ડ એસ્ટેટ એજન્ટ**

જમીન, વાડી, પ્લોટ, બંગલા લે-વેંચ માટે વિશ્વાસપાત્ર સ્થળ

કચ્છ જીલ્લાના કોઈપણ તાલુકામાં જમીન મળી શકશે



**બ્રહ્માકુમાર બાબુલાલભાઈ અરજણભાઈ પરમાર**

(ખંભરા)


પ્રમુખશ્રી, કચ્છ પ્રાદેશિક સમિતિ

Mob. 98252 97341

ઓફીસ : વિજયનગર, હોસ્પિટલ રોડ, ભુજ (કચ્છ) ફોન : Mo. 9537738640 (Deep)

## માધવ સ્વીમીંગ – કુકમા







આપના શુભ પ્રસંગો, પારિવારીક ઉત્સવો, જન્મદિન જેવા પ્રસંગે પરિવાર સહીત ફરવાલાયક ઉત્તમ સ્થળ...

સ્વિમીંગ પુલ, બાગ-બગીચા સહીત નયનરમ્ય વાતાવરણનો આનંદ માણો...



શ્રી હરગોવિંદભાઈ એચ. ચૌહાણ
પ્રમુખશ્રી, કુકમા ઘટક
મો. ૯૮૨૫૫ ૧૪૩૫૧

**શ્રી રામેશ્વરમ્ એગ્રી ફાર્મ – માધવ સ્વીમીંગ**

આકાશવાણી રેડીયો સ્ટેશન ફાટકથી બે કી.મી. અંદર, કુકમા (કચ્છ)

**શ્રી રામેશ્વરમ એસ્ટેટ બ્રોકર**

બેંક ઓફ બરોડાની બાજુમાં, બસ સ્ટેશન પાસે, કુકમા

**માધવ સ્વીટ એન્ડ નમકીન**

બસ સ્ટેશન પાસે, કુકમા



શ્રી માધવ એચ. ચૌહાણ
કુકમા
મો. ૯૫૩૭૧ ૮૨૭૭૮



YOGESH CHAWDA



Aatur Chawda
(M.Arch Texas Univ.)



Raunak Chawda
(B.E. Civil, MBA)



# vedbhumi

## VEDBHUMI BUILDERS & DEVELOPERS PVT.LTD.
## VEDBHUMI INFRAPROJECTS PVT. LTD.

1st Level, Bhumi Arcade, Near Garden, Lakadganj, Nagpur - 08.
Ph.: 0712 - 2760512 | e-mail : info@vedbhumi.com | www.vedbhumi.com
Residence : "Amber", Vatsalya Bhumi, Wathoda, Nagpur - 35.
M : +91 9373129642 | M : +91 7773933433

**Meena Y. Chawda** | **Abhilasha A. Chawda**

**(Chandia)**




## Khodiyar Engineering Works
## Urja Engineering Company
## Perfect Power Systems
## Unique Power Systems

Anil Khodiyar
+ 91 98252 36151

Sumeet Khodiyar
+ 91 98791 95121

Jigar Khodiyar
+ 91 98794 04009

*(Electrical Contractors, Consultants & Engineers)*

Mfrs. Of : PCC, MCC, APFC, VFD, LDB, DG SET Panels

**Besides the manufacturing of Panel, we also attain works such as**

- ~ Installation of DP Structure.
- ~ Installation of Cables and connecting them, etc.
- ~ Supply of Transformers and Vaccume Circuit Breaker
- ~ Rewinding Of all types of Motors and Generators.
- ~ Filtration and supply of Transformer Oil.
- ~ Supply of All types of Switchgears.
- ~ All Types of HT & LT deals with P.G.V.C.L

Lighten Up Your Life...



**Authorised Dealer**

C&S electric | AVOCAB WIRES & CABLES | HPL The Power of Technology | connectwell THE RIGHT CONNECTION

**Office & Works : Shed No. L - 46, 47, 48 & M-50, Opp. I.T.I, G.I.D.C., Gandhidham (Kutch) Gujarat 370201.**
**Ph. (0) +91 2836 233791 • Fax : +91 2836 233761**
**E-mail : info@urjaengg.com / urjaengineeringcompany@gmail.com**
**Website : www.urjaengg.com / www.urjaengineeringcompany.com**




*With Best Compliments*

**UNITRON**

*The Instrumentation People*



**Vipin Rathod**
Managing Director

## UNITRON INSTRUMENTATION PVT. LTD.

The leading Suppliers of Scientific and Material Testing Equipments in India. Our major customers are Aerospace Industry, Automobile Industry, Steel Industry, Foundry & Forge Industry and Surface Coating Industry.





**Head Office**
127/34, 7th Cross, 4th Main Road, Wilson Garden, Bangalore- 560027
Tel: (080) 2227 5369, 2210 3752 Fax: (080) 2224 4717
Email- info@unitron.in unitron@vsnl.net Web: www.unitron.in
**Branch Office: Chennai, Delhi(Gurgoan), Pune**

**Developers and Sponsorers of Home Page of Rathods of Khambra**
**www.rathodsofkhambra.in**

SETU SAMAJ SANDESH - RNI NO. GUJ GUJ / 2008/25938
Published on November - 2022
Postal Registration No. G-KCH-185/2020-2022 Posted at S.O. BHUJ on 2nd of Every Month.







॥ જય સિયારામ ॥

'સમાજરત્ન'

**શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી**

(પ્રમુખશ્રી, કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર ઘટક)
(પ્રમુખશ્રી કન્યા છાત્રાલય, કુકમા)
(પ્રમુખશ્રી, નૂતન કેળવણી મંડળ, માધાપર)
(પ્રમુખશ્રી ધોરાવા મંદિર ટ્રસ્ટ, માધાપર)
(આજીવન ટ્રસ્ટીશ્રી, માતાના મઢ જાગીર ટ્રસ્ટ)
(આજીવન ટ્રસ્ટીશ્રી, આશાપુરા માતાજી ભંડાર અને અતિથિગૃહ ટ્રસ્ટ)
(ઉપપ્રમુખશ્રી, હરિહર ટ્રસ્ટ, વાંઢાય)
(પ્રમુખશ્રી, સીતારામ સત્સંગ સેવા સમિતિ, રેહા)
(પ્રમુખશ્રી, રામબાઈ સેવા સમિતિ (અન્નક્ષેત્ર) માધાપર)
(આજીવન ટ્રસ્ટીશ્રી, હાથ મિલાવો શક્તિ વિકાસ ટ્રસ્ટ, ધમડકા)

SHREE RAM GROUP OF INDUSTRIES

Mohit V. Solanki
9925233580

- M/s. Vinod P. Solanki
- Shree Ram Processors
- Shree Ram Kaolin
- Shree Ram China Clay
- M/s. N.V. Solanki

# SHREE RAM GROUP OF INDUSTRIES

Mines Owner, Supplier & Exporter of Crude China Clay Levigeted China Clay, Kaolin Powder & Silica Sand

Junavas Main Bazar, Junavas, Madhapar (Bhuj-Kachchh) 370020
Tel No. 02832-242326, 293137, Fax : 242295 E-mail : info.shreeramgroup@gmail.com

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ–કચ્છ) ૩૭૦૧૦૫, ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

## દાન માટે અપિલ :-

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842 IFSC Code : BARB0KUKMAX માં જમા કરાવી શ્રી મોહનલાલ કુંવરજી ચૌહાણ મો. 9427767810 ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.
PAN NO. AABTS 4600 B

| | |
|---|---|
| રૂા. ૫૦,૦૦૦/- | કે તેથી વધુ દાન આપનાર મુરબ્બી દાતાશ્રી |
| રૂા. ૧૦,૦૦૦/- | કે તેથી વધુ દાન આપનાર શુભેચ્છા દાતાશ્રી |
| રૂા. ૫,૦૦૦/- | કે તેથી વધુ દાન આપનાર આશ્રય દાતાશ્રી |
| રૂા. ૬,૦૦૦/- | નું દાન આપનાર દત્તક દાતાશ્રી (એક વિદ્યાર્થીનીની સત્ર ફી ભરી વિદ્યાદાન આપી શકાય છે.) |
| રૂા. ૪,૦૦૦/- | નું દાન આપનાર પુણ્ય સ્મૃતિ ભોજન દાતાશ્રી તથા ખુશાલી ભોજન દાતાશ્રી |
| રૂા. ૨,૦૦૦/- | નું દાન આપનાર આજીવન સભ્યશ્રી |

આપનું દાન ૮૦-જી (૫) મુજબ આવકવેરા મુક્તિને પાત્ર છે

**આપના વિનમ્ર**

'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પી. સોલંકી - પ્રમુખ
શ્રી જેઠાલાલ પી. પરમાર - ચેરમેન
શ્રી પ્રફુલ્લચંદ્ર કે. ટાંક - સલાહકાર પ્રમુખ
શ્રી રમેશચંદ્ર આર. ચૌહાણ - મંત્રી
શ્રી વિનોદભાઈ એલ. ચૌહાણ - ઉપપ્રમુખ
શ્રી વિનોદભાઈ કે. પઢિઆર - ઉપપ્રમુખ
શ્રી પ્રભુલાલ પી. પરમાર - ઉપપ્રમુખ
શ્રી કાંતીલાલ આર. પરમાર - માનદ્ વ્યવસ્થાપક
શ્રી રસીકલાલ પી. ચૌહાણ - સહમંત્રી
શ્રી અનિલભાઈ ડી. ચૌહાણ - કોષાધ્યક્ષ
શ્રીમતી અનસુયાબેન જે. પરમાર - સહ વ્યવસ્થાપક
શ્રી મોહનલાલ કે. ચૌહાણ - સહ વ્યવસ્થાપક

મુદ્રક અને પ્રકાશક : વિનોદ મોહનલાલ ખોડીયાર એ આ મુખપત્રના માલિક : શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા (પ્રમુખ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા), 'અંબર' વાત્સલ્ય ભૂમિ, વાઠોડા, નાગપુર - ૩૫ (મહારાષ્ટ્ર), મો. ૯૩૭૩૧૨૯૬૪૨ વતીથી, શ્રી ગાયત્રી ગ્રાફીક્સ - અંજાર ખાતે તૈયાર કરાવી, શ્રી હરિ ઓફસેટ - ફર્સ્ટ ફ્લોર, નરનારાયણ ચેમ્બર, સ્ટેશન રોડ, ભુજ (કચ્છ) ફોન : (૦૨૮૩૨) ૨૨૬૦૦૭ ખાતે છાપ્યું અને એસ.ઓ. પોસ્ટ ઓફીસ : ભુજથી પ્રસિદ્ધ કર્યું.